ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

શહેરમાં સ્ટ્રીટ લાઈટની જાળવણીનું કામ અન્ય એજન્સીને સોંપાશે

ટારેન્ટ પાવરે રિવાઇઝ દરખાસ્ત રજુ કરી સ્ટ્રીટ લાઇટમાંથી હાથ ઉંચા કર્યા : સ્ટ્રીટ લાઇટની જાળવણી પાછળ વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે

ગાંધીનગર તા ૧૩

શહેરમાં સ્ટ્રીટ લાઈટની જાળવણીના મામલે ટોરેન્ટ પાવર હાથ ઉંચા કરી દેવાના મુડમાં છે. ટોરેન્ટ પાવર લી દ્વારા વિભાગને આ જવાબદારીમાંથી મુકત કરવા રિવાઈઝ દરખાસ્ત પણ કરી દેવામાં આવી છે. જેના પરિણામે સરકારના ઈલેકટ્રીક વિભાગ દ્વારા આગામી દિવસોમાં નવી એજન્સી નક્કી કરી સ્ટ્રીટ લાઈટની જાળવણીની જવાબદારી સોંપવા મથામણ હાથ ધરાશે. શહેરમાં હાલ ૧૮૦૦૦ જેટલા સ્ટ્રીટ લાઈટના થાંભલાની નિભાવણીની જવાબદારી ટોરેન્ટ પાવરના હસ્તક છે. જેને અનુલક્ષી પ્રતિમાસ ટોરેન્ટ પાવરને પ્રત્યેક પોલ દિઠ અંદાજે ૫૩ રૂપિયા ચુકવવામાં આવે છે.જયારે સ્ટ્રીટ લાઈટના વીજબીલ પેટે પણ પ્રતિવર્ષ રૂ ૩.૫૦ કરોડ ચુકવાય છે.

ગાંધીનગરમાં રસ્તા,પાણી અને ગટર ઉપરાંત સ્ટ્રીટલાઈટની જાળવણીનું કામ પણ મુખ્ય છે. શહેરના મુખ્ય માર્ગો ઉપરાંત નગરના આંતરિક રસ્તાઓ પર અને સેકટરોની શેરીઓમાં પણ સ્ટ્રીટલાઈટના પોલ ઝબૂકતા જોવા મળે છે. જયારે શહેરમાં ઉજાસ પાથરવા પ્રતિમાસ લાખો રૂપિયાનો ખર્ચ થાય છે. સેકટરોની શેરીઓમાં અજવાળું પાથરવા સરકાર દ્વારા વર્ષે કરોડો રૂપિયાનું આંધણ કરવામાં આવે છે. શહેરમાં દાયકાઓથી સ્ટ્રીટલાઈટની જાળવણીનું કામ ટોરેન્ટ પાવર સંભાળે છે. વિકાસના નવા આયામોના લીધે સ્ટ્રીટ લાઈટની જાળવણીનું કામ પણ મુશ્કેલ અને ખર્ચાળ બન્યું છે.બીજીતરફ ટોરેન્ટ પાવર વીજ ઉત્પાદનની દિશામાં આગળ હરણફાળ ભરતા હવે સ્ટ્રીટ લાઈટની

● અનુસંધાન પાન-૭ પર

કેરી મહોત્સવ - ગાંધીનગરની મધુર ડેરી અને 'દિશા'ના સંયુક્ત ઉપક્રમે કેરી મહોત્સવનો શુભારંભ ઘ-૫ મધુર પાર્લર ખાતે કરાયો હતો. રાજ્ય મંત્રી જશાભાઈ બારડ, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા અને મેનેજીંગ ડિરેક્ટર ડૉ. રોહિત મહેતા સહિત 'દિશા'ના પદાધિકારીઓએ કેરી મહોત્સવને ખુલ્લો મુક્યો હતો. ગાંધીનગરના નાગરિકો વ્યાજબી ભાવે સારી કેરી મેળવી શકે એ હેતુથી યોજાયેલ મહોત્સવને વધાવાયો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

આજથી મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ચીન-હોંગકોંગના પ્રવાસે

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાથે બેઈજિંગમાં સ્ટેટસ-પ્રોવિન્સીયલ લિડર્સ ફોરમાં મુખ્યમંત્રી ઉપસ્થિત રહી પ્રવાસનો પ્રારંભ કરશે

ગાંધીનગર, તા. ૧૩

વ્યાપાર-ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે તથા વિવિધ ક્ષેત્રમાં ચીનની સહભાગીતા વધારવા માટે ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ વડાપ્રધાનશ્રી તથા અન્ય રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે ચીન-હોંગકોંગના પ્રવાસે જઈ રહ્યા છે.

ગુજરાત પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વમાં રાજ્યના ૨૬ જેટલા વ્યાપાર-ઉદ્યોગ સંચાલકો અને વરિષ્ઠ અધિકારીઓનું પ્રતિનિધિમંડળ ગુરુવાર ૧૪મી મે-૨૦૧૫થી ચીન અને હોંગકોંગના પ્રવાસે જઈ રહ્યું છે. આ પ્રતિનિધિમંડળ તેના પ્રવાસ દરમ્યાન બેજિંગ, ગ્વાંગઝો, શેનઝેન અને હોંગકોંગની મુલાકાત લેવાનું છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને ગુજરાતનું પ્રતિનિધિમંડળ ચીનમાં ઉચ્ચ ચાઈનીઝ સરકારી અધિકારીઓ, રોકાણકારો અને વેપાર-ઊદ્યોગ મંડળો સાથે બેઠકો યોજશે અને ગુજરાત ચીન વચ્ચે પરસ્પર આર્થિક-સાંસ્કૃતિક સંબંધોને સેતુ સુદ્રઢ બનાવશે. આ મુલાકાત દરમ્યાન ગુજરાત સરકાર, ગુજરાતનાં ઊદ્યોગજૂથો અને આચનીઝ સરકાર તેમજ ચાયનાના ઊદ્યોગજૂથો વચ્ચે વિવિધ ક્ષેત્રે સમજૂતિ કરાર એમઓયુ પણ સંપન્ન થશે. મુખ્યમંત્રી ચીનના પ્રવાસનો તા. ૧૫મી મે એ પ્રારંભ બેજિંગમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં ગ્રેટ હોલ ઓફ પીપલ ખાતે ભારત-ચીન સ્ટેટસ-પ્રોવિન્સીયલ લિડર્શ ફોરમના લોન્ચીંગ કાર્યક્રમમાં જોડાઈને કરવાના છે. આ ફોરમમાં ભારત-ચીનના વડાપ્રધાન-પ્રિમીયર ઉપરાંત રાજ્યોના

● અનુસંધાન પાન-૭ પર

પાંચ ગામ લેઉવા પાટીદાર બેસણું

અમારા ભાઈશ્રી નિલેશકુમાર રમેશચંદ્ર અમીનનું દુઃખદ અવસાન તા.૧૨-૦૫-૧૫ના રોજ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૧૫-૦૫-૨૦૧૫ને શુક્રવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૦.૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : આશમણી પાટીની વાડી, મું. મણુંદ, તા.જી. પાટણ. મો. ૯૩૪૪૦૦૬૯૮૬

લી.
તેજસ રમેશચંદ્ર અમીન (ભાઈ) વિરલકુમાર ભાઈલાલભાઈ અમીન (કાકા)
વિજેસ રમેશચંદ્ર અમીન (ભાઈ) કશ્યપ હર્ષદભાઈ અમીન (ભાઈ)

Gujarat State Petronet Limited
Corporate Identity Number: L40200GJ1998SGC036188

Regd Office: GSPC Bhavan, Sector - 11, Gandhinagar - 382 010. Tel.: +91-79-66701001
Fax: +91-79-23236477 Website: www.gujpetronet.com, Email: investors.gspl@gspc.in

Pursuant to Clause 19 & 41 of the Listing Agreement, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on Friday, the 22nd May, 2015, inter-alia to consider the Audited Financial Results of the Company for the quarter and year ended 31st March, 2015 and to recommend dividend, if any, for the financial year 2014 - 2015.

For Gujarat State Petronet Limited
sd/-
Company Secretary

Place: Gandhinagar
Date: 13th May, 2015

સે-૨૧ના પાર્કિંગમાં લાઈટની વ્યવસ્થા ઉભી કરવા ટુંકમાં કામ શરૂ થશે

પાર્કિંગ બન્યું પરંતુ લાંબા સમયથી અંધારપટ્ટઃ મહિલાઓ પરેશાન

ગાંધીનગર તા ૧૨

શહેરના સે ૨૧ શોપિંગ સેન્ટરમાં તંત્ર દ્વારા નિર્માણ કરાયેલા નવા પાર્કિંગમાં લાંબા સમયના અંતે પણ લાઈટની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી નથી. જેના પરિણામે મુલાકાતીઓ સાંજ ઢળતા આ પાર્કિંગનો ઉપયોગ કરવાનુ ટાળે છે. જોકે વિભાગકક્ષાએથી ટુંકમાં જ લાઈટની વ્યવસ્થા કરવા કામ હાથ ધરાશે તેમ પણ જણાવાયું છે.

શહેરનુ મુખ્ય શોપિંગ સેન્ટર હાલ અનેક સમસ્યાઓથી ઘેરાયેલું છે. શોપિંગ વિસ્તારની પેચીદી સમસ્યાઓ વેપારીઓ માટે પણ માથાના દુખાવારૂપ બની છે. એકબાજુ શોપિંગના ફૂવારા બંધ હાલતમાં છે. જયારે બીજીતરફ પાર્કિંગનો પ્રશ્ન પણ મુખ્ય છે. પાર્કિંગની પર્યાપ્ત વ્યવસ્થાના અભાવે રોજબરોજ આડેધડ વાહનોનો ખડકલો થાય છે. ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. શોપિંગ વિસ્તારના રસ્તાઓ પર વાહનો પાર્ક થઈ જતા રાહદારીઓ માટે મુશ્કેલી સર્જાય છે. આ સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા આ ઠેકાણે નવુ પાર્કિંગ બનાવવામાં આવ્યું છે. પરંતુ આ પાર્કિંગમાં લાંબા સમયના અંતે પણ લાઈટ મુકવામાં આવી નથી. જેના પરિણામે સાંજ ઢળતાં જ અંધારૂ છવાય જાય છે. મુલાકાતીઓ પાર્કિંગનો ઉપયોગ કરવાનું ટાળે છે. ખાસ કરીને મહિલાઓ અને સિનિયર સિટિઝન્સને વિશેષ હાલાકી ભોગવવી પડે છે. પાર્કિંગમાં લાઈટની સુવિધા ઉભી કરવા અનેકવાર રજુઆત કરવામાં આવી છે પરંતુ કોઈ પગલા લેવાતા નથી. થોડા સમય અગાઉ રાજયના મુખ્ય સચિવે શોપિંગ વિસ્તારની મુલાકાત લીધી તે દરમિયાન પણ લાઈટના મુદ્દા સંદર્ભે વેપારીઓ દ્વારા રજુઆત કરવામાં આવી હતી. જો કે વિભાગના સુત્રોના જણાવ્યા મુજબ આ મામલે વિભાગને જરૂરી દરખાસ્ત કરી દેવામાં આવી છે. ટુંક સમયમાં લાઈટની વ્યવસ્થા કરી દેવાશે.

સતત છઠ્ઠા માવઠાથી કેરીના પાકનો કડૂસલો

માંડ બજારમાં મળતી થયેલી કેરીઓ માવઠાના કારણે બગડી જશે : બગીચાની કેરીઓને ભારે નુકશાન

ગાંધીનગર, તા. ૧૩

આ વર્ષે વારંવાર પડી રહેલા માવઠાએ કેરીના રસિયાઓને રાતા પાણીએ રડતા કરી દીધા છે. માંડ માંડ બજારમાં દેખાયેલી કેરી આજે પડેલા વરસાદને કારણે બગડી જશે. કેરીના બગીચાઓનો જે થોડોઘણો પાક હતો તે પણ હવે ખતમ થવાના આરે છે.

આ વર્ષે જાણે કુદરત ભારે રૂઠી હોય તેમ લાગી રહ્યું છે. જાન્યુઆરી માસથી અત્યાર સુધી સતત માવઠા પડી રહ્યા છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં આ છઠ્ઠુ માવઠુ છે. કમોસમી વરસાદ અને ભારે પવનના કારણે ખેત ઉત્પાદન અને બાગાયતી પાકોને ભારે નુકશાન થઈ રહ્યું છે. માવઠાથી કેરીના પાકને સૌથી વધુ નુકશાન થયું છે. કેરીનો પાક ૩૦ થી ૪૦ ટકા જેટલો નષ્ટ થઈ ચુક્યો છે. હાલમાં બજારમાં માંડ માંડ કેરી જોવા મળી હતી. કેસર કેરી ધીમે ધીમે શરૂ થઈ હતી. હજુ તો કેરીના રસીયાઓ કેરી ખાવાની શરૂઆત કરે તે પહેલાં જ આજે પુનઃ માવઠુ પડતાં કેરી બગડી જવાની સંભાવના ઉભી થઈ છે. કેરીના બગીચાઓમાં જે થોડો ઘણો પાક બચ્યો છે તે ભારે પવન અને વરસાદના કારણે સંપૂર્ણપણે નષ્ટ થઈ જશે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

જાહેર નિવિદા

e-auction / જાહેર હરાજી

ગાંધીનગર શહેરી વિસ્તારના નીચે જણાવેલ દુકાનો / ડૉક્ટર હાઉસ/ કોર્પોરેટ હોસ્પિટલ / વાણિજ્ય હેતુ / રહેણાંકના હેતુ માટેના સરકારી પ્લોટોની **e-auction** / જાહેર હરાજી કરવા અત્રેના તા. ૧૯/૩/૨૦૧૫ના જાહેરનામા નં. જફા/ યુ.અ/ હરાજી/ વશી.૫૧૯/૨૦૧૫થી જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તે મુજબ **e-auction** વેબસાઈટ **http://www.auction.nprocure.com** પર કરવામાં આવશે. **e-auction** અંગેની અન્ય વિગતો / શરતો અને જોગવાઈઓ **www.nprocure.com** વેબસાઈટ ઉપર તથા અત્રેની કચેરીના નોટીસ બોર્ડ ઉપર કચેરી સમય દરમિયાન જોઈ શકાશે. **e-auction**માં ભાગ લેવા માટેનું નિયત અરજી ફોર્મ જમીન ફાળવણી શાખા, કલેક્ટર કચેરી, ગાંધીનગરની કચેરી અથવા ઉપરની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી પ્રિન્ટ મેળવી શકાશે.

ઈ-ઓક્શનની પ્રસિદ્ધિ અંગેની વિગત

અ.નં.	તારીખ	વાર	વિગત	રીમાર્કસ
૧	૧૮/૫/૨૦૧૫	સોમવાર		
૨	૧૯/૫/૨૦૧૫	મંગળવાર	તળિયાની કિંમતના ૧૦%	
૩	૨૦/૫/૨૦૧૫	બુધવાર	ડીપોઝીટ જમા કરાવવાની	કામકાજના દિવસો
૪	૨૧/૫/૨૦૧૫	ગુરૂવાર	કાર્યવાહી અને રજીસ્ટ્રેશન	મે-૧૮, ૧૯, ૨૦, ૨૧
૫	૨૨/૫/૨૦૧૫	શુક્રવાર	કાર્યવાહી પૂર્ણ કરી ડીઝીટલ	૨૨, ૨૫ અને ૨૬
૬	૨૫/૫/૨૦૧૫	સોમવાર	સીગ્નેચર મેળવવાની કાર્યવાહી	
૭	૨૬/૫/૨૦૧૫	મંગળવાર		

પરિશિષ્ટ-અ

ગાંધીનગર શહેર વિસ્તારના પ્લોટોની ઈ-ઓક્શન કરવાની તારીખ અને સમય દર્શાવતું પત્રક

ઈ-હરાજીનો સમય ૪૫ મીનીટનો છે. જો છેલ્લી ૨ મીનીટમાં બીડ નાખવામાં આવશે તો હરાજી ૫ મીનીટ માટે લંબાવવામાં આવશે. પરંતુ આવુ ૩ જ વાર શક્ય બનશે.

અ.નં.	ઈ હરાજીની તારીખ	સમય	સેક્ટર	પ્લોટ નં.	ક્ષેત્રફળ ચો.મી.	ઉપયોગનો હેતુ
૧	૧/૬/૨૦૧૫	૧૦.૦૦થી ૧૦.૪૫	૨	૨૦૨૮	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૨				૨૦૨૯	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૩				૨૦૩૦	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૪		૧૧.૦૦થી ૧૧.૪૫	૨	૨૦૩૧	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૫			૩	૧૬૦૫	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૬				૧૬૦૬	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૭		૧૨.૦૦થી ૧૨.૪૫	૩	૧૬૦૭	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૮				૧૬૦૮	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૯			૫	૧૭૫૨	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૧૦		૧૪.૦૦થી ૧૪.૪૫	૫	૧૭૫૩	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૧૧				૧૭૫૪	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૧૨				૧૭૫૫	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૧૩		૧૫.૦૦થી ૧૫.૪૫	૫	૧૭૫૬	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૧૪				૧૭૫૭	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૧૫				૧૭૫૮	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૧૬		૧૬.૦૦થી ૧૬.૪૫	૫	૧૭૫૯	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૧૭			૬	૧૫૨૨	૧૫૦	વાણિજ્ય
૧૮				૧૫૨૩	૧૫૦	વાણિજ્ય
૧૯		૧૭.૦૦થી ૧૭.૪૫	૬	૧૫૨૪	૧૫૦	વાણિજ્ય
૨૦				૧૫૨૫	૧૫૦	વાણિજ્ય
૨૧				૧૫૨૬	૧૫૦	વાણિજ્ય
૨૨	૨/૬/૨૦૧૫	૧૦-૦૦થી ૧૦.૪૫	૬	૧૫૨૭	૧૫૦	વાણિજ્ય
૨૩				૧૫૨૮	૧૫૦	વાણિજ્ય
૨૪				૧૫૨૯	૧૫૦	વાણિજ્ય
૨૫		૧૧.૦૦થી ૧૧.૪૫	૪	૧૪૨૯	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૨૬				૧૪૩૦	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૨૭				૧૪૩૧	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૨૮		૧૨.૦૦થી ૧૨.૪૫	૪	૧૪૩૨	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૨૯			૬	૧૫૩૦	૧૫૦	વાણિજ્ય
૩૦				૧૫૩૧	૧૫૦	વાણિજ્ય
૩૧		૧૪.૦૦થી ૧૪.૪૫	૬	૧૫૩૨	૧૫૦	વાણિજ્ય
૩૨				૧૫૩૩	૧૫૦	વાણિજ્ય
૩૩				૧૫૩૪	૧૫૦	વાણિજ્ય
૩૪		૧૫.૦૦થી ૧૫.૪૫	૬	૧૫૫૦	૧૫૦	વાણિજ્ય
૩૫				૧૫૫૧	૧૫૦	વાણિજ્ય
૩૬				૧૫૫૨	૧૫૦	વાણિજ્ય
૩૭		૧૬.૦૦થી ૧૬.૪૫	૬	૧૫૫૩	૧૫૦	વાણિજ્ય
૩૮				૧૫૫૪	૧૫૦	વાણિજ્ય
૩૯				૧૫૫૫	૧૫૦	વાણિજ્ય
૪૦		૧૭.૦૦થી ૧૭.૪૫	૬	૧૫૫૬	૧૫૦	વાણિજ્ય
૪૧				૧૨૮૨	૮૪૦	હોસ્પિટલ (ડૉક્ટર હાઉસ)
૪૨				૧૨૮૩	૧૦૦૦	હોસ્પિટલ (ડૉક્ટર હાઉસ)
૪૩	૩/૬/૨૦૧૫	૧૦.૦૦થી ૧૦.૪૫	૬	૧૨૮૫	૧૦૦૦	હોસ્પિટલ (ડૉક્ટર હાઉસ)
૪૪				૧૩૫૧	૫૦૦૦	હોસ્પિટલ (કોર્પોરેટ)
૪૫			૨૩	૭૪૩	૬૪૬.૧૨	હોસ્પિટલ (ડૉક્ટર હાઉસ)
૪૬		૧૧.૦૦થી ૧૧.૪૫	૨૩	૭૪૪	૬૪૬.૧૨	હોસ્પિટલ (ડૉક્ટર હાઉસ)
૪૭				૭૪૫	૬૪૬.૧૨	હોસ્પિટલ (ડૉક્ટર હાઉસ)
૪૮			૧૧	૨૩	૧૦૦૦	વાણિજ્ય
૪૯		૧૨.૦૦થી ૧૨.૪૫	૧૧	૨	૧૦૦૦	વાણિજ્ય
૫૦				૩	૧૦૦૦	વાણિજ્ય
૫૧				૪	૧૦૦૦	વાણિજ્ય
૫૨		૧૪.૦૦થી ૧૪.૪૫	૧૧	૧૦	૧૮૭૫	વાણિજ્ય
૫૩				૧૧	૧૮૭૫	વાણિજ્ય
૫૪			૨૨	૨૭૫	૧૦૭૨.૩	રહેણાંક/ફ્લેટ
૫૫		૧૫.૦૦થી ૧૫.૪૫	૨૨	૨૭૮	૧૦૨૦.૩	રહેણાંક/ફ્લેટ
૫૬				૨૭૯	૭૦૦	રહેણાંક/ફ્લેટ
૫૭				૨૮૦	૧૩૯૧	રહેણાંક/ફ્લેટ
૫૮		૧૬.૦૦થી ૧૬.૪૫	૨૮	૪૫૩/૧	૨૦૦	રહેણાંક / જોડકાં
૫૯				૪૫૩/૨	૨૦૦	રહેણાંક / જોડકાં
૬૦				૪૫૪/૧	૨૦૦	રહેણાંક / જોડકાં
૬૧		૧૭.૦૦થી ૧૭.૪૫	૨૮	૪૫૪/૨	૨૦૦	રહેણાંક / જોડકાં
૬૨				૪૫૫/૧	૨૦૦	રહેણાંક / જોડકાં
૬૩				૪૫૫/૨	૨૦૦	રહેણાંક / જોડકાં
૬૪	૪/૬/૨૦૧૫	૧૦.૦૦થી ૧૦.૪૫	૨૮	૪૫૬/૧	૨૦૦	રહેણાંક / જોડકાં
૬૫				૪૫૬/૨	૨૦૦	રહેણાંક / જોડકાં
૬૬			૨૩	૫૭૩/એ-૨	૨૦૦	રહેણાંક / જોડકાં
૬૭		૧૧.૦૦થી ૧૧.૪૫	૨૩	૫૭૪/૧	૨૦૦	રહેણાંક / જોડકાં
૬૮				૫૭૪/૨	૨૦૦	રહેણાંક / જોડકાં
૬૯				૫૭૪/એ-૧	૨૦૦	રહેણાંક / જોડકાં
૭૦		૧૨.૦૦થી ૧૨.૪૫	૨૩	૫૭૪/એ-૨	૨૦૦	રહેણાંક / જોડકાં
૭૧				૫૭૫/૧	૨૦૦	રહેણાંક / જોડકાં
૭૨				૫૭૫/૨	૨૦૦	રહેણાંક / જોડકાં
૭૩		૧૪.૦૦થી ૧૪.૪૫	૨૩	૫૭૫/એ-૧	૨૦૦	રહેણાંક / જોડકાં
૭૪			૩૦	૫૯૯/૧	૨૦૦	રહેણાંક / જોડકાં
૭૫				૫૯૯/૨	૨૦૦	રહેણાંક / જોડકાં
૭૬		૧૫.૦૦થી ૧૫.૪૫	૩૦	૬૦૦/૧	૨૦૦	રહેણાંક / જોડકાં
૭૭				૬૦૦/૨	૨૦૦	રહેણાંક / જોડકાં
૭૮				૬૦૧/૧	૨૦૦	રહેણાંક / જોડકાં
૭૯		૧૬.૦૦થી ૧૬.૪૫	૩૦	૬૦૧/૨	૨૦૦	રહેણાંક / જોડકાં
૮૦				૬૦૨/૧	૨૦૦	રહેણાંક / જોડકાં
૮૧				૬૦૩/૧	૨૦૦	રહેણાંક / જોડકાં
૮૨		૧૭.૦૦થી ૧૭.૪૫	૨૧	૫૧૫/૨	૧૩૫	રહેણાંક / જોડકાં
૮૩				૫૦૩/૨	૧૩૫	રહેણાંક / જોડકાં
૮૪				૫૦૪/૨	૧૩૫	રહેણાંક / જોડકાં
૮૫	૫/૬/૨૦૧૫	૧૦.૦૦થી ૧૦.૪૫	૨૧	૫૧૩/૧	૧૩૫	રહેણાંક / જોડકાં
૮૬				૫૧૪/૧	૧૩૫	રહેણાંક / જોડકાં
૮૭			૨૩	૫૭૩/૧	૨૦૦	રહેણાંક / જોડકાં
૮૮		૧૧.૦૦થી ૧૧.૪૫	૨૩	૫૭૩/૨	૨૦૦	રહેણાંક / જોડકાં
૮૯				૫૭૩/એ-૧	૨૦૦	રહેણાંક / જોડકાં
૯૦				૫૭૫/એ-૨	૨૦૦	રહેણાંક / જોડકાં
૯૧		૧૨.૦૦થી ૧૨.૪૫	૨૩	૫૭૬/૧	૨૦૦	રહેણાંક / જોડકાં
૯૨				૫૭૬/૨	૨૦૦	રહેણાંક / જોડકાં
૯૩			૩૦	૫૯૬/૧	૨૦૦	રહેણાંક / જોડકાં
૯૪		૧૪.૦૦થી ૧૪.૪૫	૩૦	૫૯૬/૨	૨૦૦	રહેણાંક / જોડકાં
૯૫				૫૯૭/૧	૨૦૦	રહેણાંક / જોડકાં
૯૬				૫૯૭/૨	૨૦૦	રહેણાંક / જોડકાં
૯૭		૧૬.૦૦થી ૧૬.૪૫	૩૦	૫૯૮/૧	૨૦૦	રહેણાંક / જોડકાં
૯૮				૫૯૮/૨	૨૦૦	રહેણાંક / જોડકાં

નોંધ : પ્લોટના ક્ષેત્રફળમાં વધઘટ થઈ શકે છે.

માહિતી/૩૨૬/૨૦૧૫-૧૬

મુખ્યમંત્રી હસ્તકના વિભાગો નીતિનભાઈ અને ભૂપેન્દ્રસિંહને

ગાંધીનગર, તા. ૧૩

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ આજથી વિદેશ પ્રવાસે જતાં તેમના વિભાગોનો હવાલો રાજ્યના બે કેબીનેટ મંત્રીઓને ફાળવવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ તા. ૧૪-૫-૨૦૧૫ થી ૨૦-૫-૨૦૧૫ સુધી ચીન અને સાઉથ કોરીયાના પ્રવાસે આજથી ગયા છે. તેમના આ વિદેશ પ્રવાસ દરમ્યાન તેમના હસ્તકના સામાન્ય વહીવટ વિભાગ ગૃહ વિભાગ નર્મદા જળસંપત્તિ અને કલ્પસર વિભાગ મહેસૂલ વિભાગ માહિતી અને પ્રસારણ વિભાગ તેમજ અન્ય ન ફાળવેલ વિષયો રાજ્યના આરોગ્યમંત્રી નીતિનભાઈ પટેલને ફાળવવામાં આવ્યા છે.

જ્યારે રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને ઉદ્યોગ અને ખાણ ખનીજ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ શહેરી વિકાસ વિભાગ સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ અને કલાઈમેન્ટ ચેઈન્જ વિભાગ ફાળવવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ આજથી દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચીન અને સાઉથ કોરીયાના પ્રવાસે જઈ રહ્યા છે તેમની સાથે વિદેશ પ્રવાસે ગયા છે. આથી મુખ્યમંત્રી સાત દિવસના વિદેશ પ્રવાસે ગયા હોઈ તેમના હસ્તકના વિભાગોનો હવાલો બે કેબીનેટ મંત્રીઓને ફાળવવામાં આવ્યા છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મુખ્યમંત્રીના વિદેશ પ્રવાસ દરમાયાન જો કોઈ મહત્વનો નિર્ણય લેવાની જરૂરીયાત ઉભી થાય તો તે અંગેની સત્તાઓ આરોગ્યમંત્રી નીતિનભાઈ પટેલને આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

મે મહિનામાં લેવાનાર ઈલેકટ્રીકલ સુપરવાઈઝરની પરીક્ષા જોગ

અમદાવાદ, તા.૧૩

ગુજરાત સરકારના ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ હેઠળ સચિવ લાયસન્સીંગ બોર્ડ, ઉદ્યોગભવન, ગાંધીનગર મારફત રાજયના અમદાવાદ, વડોદરા, સુરત ભાવનગર અને રાજકોટ કેન્દ્રો ખાતે મે-૨૦૧૫માં તા. ૨૩-૫-૨૦૧૪ અને તા.૨૪-૫-૨૦૧૪ના રોજ લેવાનાર ઈલેકટ્રીકલ સુપરવાઈઝરની લેખીત તથા મૌખિક પરીક્ષામાં બેસનાર ઉમેદવારોના રોલનંબર આ ખાતાની વેબસાઈડ પર જોવા મળશે.

ગુજરાત રાજ્ય વકફ બોર્ડ

Established under the Wakf Act, 1995
Constituted by the Government of Gujarat
under Wakf Act ,1995 (Central Act-43 of 95)
ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૮, ગાંધીનગર

વકફ અધિનિયમ ૧૯૯૫ની કલમ ૩૬

વિષય : 'કોબા મુસ્લિમ કાદિરશા વલી પીરની દરગાહ વકફ કમિટી'

ઉપરોક્ત જણાવેલ વકફના મુતવલ્લી શ્રી ઉસ્માનભાઈ જમાલભાઈ મુ. કોબા, જી. ગાંધીનગરનાઓએ મજકુર વકફના ઉદ્દેશો પૂર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલ્કત વકફ / જંગમ મિલ્કત અધિનિયમ ૧૯૯૫ની કલમ-૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમુનામાં દરખાસ્ત કરેલ છે. જે મિલ્કતની વિગત નીચે મુજબ છે.

જિલ્લો અને તાલુકા	ગામ	મિલ્કતનો પ્રકાર	સર્વે નં. મિલ્કત નં.	ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.
તા. ગાંધીનગર જી. ગાંધીનગર	મુ. નવા કોબા	કબ્રસ્તાન (સરકારી)	સર્વે નં. ૨૬	૦-૭૭-૯૦ ચો.મી.

ઉક્ત જણાવેલ સ્થાવર મિલ્કત વકફ અધિનિયમ ૧૯૯૫ની કલમ-૩૬ અન્વયે મિલ્કત નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઈ આ સંબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધા સૂચનો હોય તો તે ૩૦ દ